ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ-દાહોદ



લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો એ.સી.બી.ને દેવગઢબારિયામાં મહત્વની સફળતા

## આંકલીના સરપંચ ACBના ટ્રેપમાં ઝડપાયા, ૫૦હજારની લાંચ સ્વીકારતા રંગેહાથ પકડાયા

આરોપી સામે ભ્રષ્ટાચાર નિવારણ કાયદા હેઠળ કાર્યવાહી હાથ ધરાશે



(પ્રતિનિધિ) દેવગઢબારિયા, દાહોદ, તા.8
લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો (એ.સી.બી.)ને દેવગઢબારિયામાં મહત્વની સફળતા મળી છે. આંકલી ગામના સરપંચ રમેશભાઈ ભીખાભાઈ બારીયાને રૂ. 50,000ની લાંચ સ્વીકારતા એ.સી.બી.એ રંગેહાથ ઝડપી પાડ્યા હતા. ફરિયાદી એક જાગૃત નાગરિકે એ.સી. બી.નો સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, લગભગ પંદર દિવસ અગાઉ ફરિયાદીના ખેતરમાંથી અંગ્રેજી દારૂ ઝડપાયો હતો. તે સમયે ફરિયાદી ઘરે હાજર ન હતા. ત્યારબાદ સરપંચ રમેશભાઈ બારીયાએ પોતે વચેટિયા હોવાનું જણાવી પોલીસમાં ચાલતો દારૂનો કેસ રૂ. 50,000માં પતાવી આપવાની વાત કરી હતી. ફરિયાદી લાંચ આપવા ઈચ્છતા ન હોવાથી તેમણે એ.સી.બી.નો સંપર્ક કર્યો હતો. ફરિયાદના આધારે એ.સી.બી.એ છટકું ગોઠવ્યું હતું. દેવગઢબારિયા તાલુકા પંચાયત સામે તળાવ પાસેથી સમડી સર્કલ તરફ જતા માર્ગ પર આરોપીએ ફરિયાદી પાસેથી રૂ. 50,000ની લાંચ સ્વીકારતા જ એ.સી.બી.ની ટીમે તેને રંગેહાથ ઝડપી લીધો હતો. લાંચની સંપૂર્ણ રકમ પણ કબજે લેવામાં આવી હતી. આ ટ્રેપની કાર્યવાહી પી.આઈ. એચ.પી. કરેણ અને એ.સી.બી. ગોધરાની ટીમે હાથ ધરી હતી. સમગ્ર કામગીરી મદદનીશ નિયામક બી.એમ. પટેલના સુપરવિઝન હેઠળ તથા નાયબ નિયામક બળદેવ દેસાઈ (IPS)ના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી હતી. હવે આરોપી સામે ભ્રષ્ટાચાર નિવારણ કાયદા હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## દાહોદ ખાતે મોતિયાના મફત ઓપરેશન કેમ્પનુ આયોજન

(પ્રતિનિધિ) દાહોદ, તા.8
દાહોદ શહેરની દ્રષ્ટિ નેત્રાલય
દ્રષ્ટિ નેત્રાલય આંખની હોસ્પિટલ દાહોદ દ્વારા તારીખ ૦૭-૦૭-૨૦૨૬ થી ૨૭-૦૭-૨૦૨૬ સુધી દ્રષ્ટિ નેત્રાલય દાહોદ ખાતે મોતિયાના મફત ઓપરેશન કેમ્પનુ આયોજન કરવામાં આવેલ છે રોજ સવારના 8 વાગ્યાથી બપોરના 1:00 વાગ્યા સુધી દ્રષ્ટિ નેત્રાલય આંખની હોસ્પિટલ ચાકલીયા રોડ દાહોદ જીઆઇડીસી પાસે મોતિયાના મફત તપાસ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે આ નિદાન કેમ્પમાં મોતિયા ઝામર ત્રાંસી આંખ પડદા પરવાળા બાળ મોતીયા તમામ આંખની તકલીફ વાળા દર્દીઓની તપાસ કરી દ્રષ્ટિ નેત્રાલય ખાતે ઓપરેશન વાળા દર્દીઓ માટે જમવાનું રહેવાનું તેમજ નેત્રમણી સાથે અત્યંત આધુનિક અને અધતન સગવડો થી સુસજ્જ દ્રષ્ટિ નેત્રાલય ખાતે મફત ઓપરેશન કરવામાં આવશે.

ખેતીમાં સિંચાઇ માટે પર્યાપ્ત વીજળી મળી રહે તેવી ખેડૂતોને આશા

## કાલોલના બાકરોલ ગામના ખેડૂતોનું MGVCLને આવેદનપત્ર, વીજપુરવઠો દુરસ્ત કરવા માંગ ઉઠાવી

(પ્રતિનિધિ) કાલોલ,, તા.8
કાલોલ તાલુકાના બાકરોલ ગામના ખેડૂતોએ આજે (બુધવારે) સવારે મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ (MGVCL)ની કચેરી ખાતે પહોંચીને નાયબ ઈજનેરને એક લેખિત આવેદનપત્ર પાઠવ્યું હતું. ખેડૂતોએ પર્યાપ્ત વરસાદ ન હોવાને કારણે ખેતી માટેનો વીજપુરવઠો નિયમિત અને દુરસ્ત કરવાની ઉગ્ર માંગ કરી છે. મુખ્ય સમસ્યાઓ જે ખેડૂતોએ રજૂ કરી: ખેડૂતોના જણાવ્યા અનુસાર, હાલ ચોમાસાની સીઝન હોવા છતાં ડાંગરના ધરુની જાળવણી અને રોપણી થઈ શકે તેવો પૂરતો વરસાદ પડ્યો નથી. એક તરફ વરસાદ નથી, તો બીજી



તરફ પાછલા ૧૦ થી ૧૫ દિવસથી કૃષિ ક્ષેત્રનો (એગ્રીકલ્ચર) વીજપુરવઠો સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયો છે.વરસાદની રાહ જોવામાં રોપણીનો સમય વીતી રહ્યો છે. જો સમયસર પાણી ન મળે તો મોંઘા ભાવના ડાંગરના બિયારણો નાશ પામે તેમ છે, જેનાથી ખેડૂતોને મોટું આર્થિક નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. "વરસાદની સ્થિતિ અનિશ્ચિત છે, પરંતુ જો MGVCL વિભાગ દ્વારા એગ્રીકલ્ચરનો વીજપુરવઠો નિયમિત રીતે પૂરો પાડવામાં આવે તો ડાંગરની રોપણી સમયસર કરી શકાય." ખેડૂતોએ તંત્ર પાસે માંગ કરી છે કે બાકરોલ ફીડર હેઠળ આવતા કૃષિ વીજપુરવઠાની ખામીઓ તાત્કાલિક સુધારીને નિયમિત વીજળી આપવામાં આવે જેથી તેમનો પાક બચાવી શકાય.

હાલોલમાં સીકલીગર ગેંગનો સાગરીત ઝડપાયો

## રૂ. ૮.૪૩ લાખના મુદ્દામાલ સાથે ચાર ઘરફોડ ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલાયો

(પ્રતિનિધિ) હાલોલ, તા.8
પંચમહાલ લોકલ ક્રાઈમ બ્રાન્ચ એલસીબી એ હાલોલના ગોપીપુરા ચાર રસ્તા પાસે સફળ કાર્યવાહી હાથ ધરી સીકલીગર ગેંગના એક સાગરીતને ઝડપી પાડી તેની પાસેથી રૂ. 8,43,055ના મુદ્દામાલની જપ્તી કરી છે. પોલીસના જણાવ્યા મુજબ આરોપી પાસેથી રૂ. 6,93,055ના સોના-ચાંદીના દાગીના, રૂ. 1.50 લાખની રોકડ રકમ, એક હોન્ડા સાઈન મોટરસાયકલ અને મોબાઈલ ફોન મળી આવ્યો છે. આ કાર્યવાહીથી પંચમહાલ, સાબરકાંઠા અને ભાવનગર જિલ્લાના કુલ ચાર ઘરફોડ ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલાયો હોવાનું પોલીસનું કહેવું છે. પંચમહાલ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક વિધી ચૌધરીના



માર્ગદર્શન અને ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક સફીન હસનની સૂચના મુજબ એલસીબીના પોલીસ ઈન્સ્પેક્ટર એ.બી. વોરાની ટીમ મિલ્કત સંબંધિત ગુનાઓની તપાસમાં સક્રિય હતી. દરમિયાન એલસીબીના કર્મચારી કેતનકુમાર દેવરાજભાઈને મળેલી ચોક્કસ બાતમીના આધારે હાલોલના ગોપીપુરા ચાર રસ્તા ખાતે નાકાબંધી ગોઠવવામાં આવી હતી. બાતમી મુજબ હોન્ડા સાઈન મોટરસાયકલ પર વડોદરાથી પાવાગઢ તરફ જઈ રહેલા અજયસીંગ બીરસીંગ સીકલીગર (ટાંક), રહે. સાકળદા બસ સ્ટેશન પાસે, વડોદરાને રોકી તપાસ કરતાં તેની પાસેથી સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી આવી હતી. આ મુદ્દામાલ અંગે કોઈ આધાર-પુરાવો રજૂ કરી શક્યો ન હોવાથી પોલીસે તેની અટકાયત કરી વધુ પૂછપરછ હાથ ધરી હતી. પોલીસના જણાવ્યા મુજબ પૂછપરછ દરમિયાન આરોપીએ પોતાના અન્ય સાગરીતો સાથે મળીને સાબરકાંઠાના ખેડબ્રહ્મા તાલુકાના મટોડા ગામ, હાલોલની સંતનગર સોસાયટી તેમજ ભાવનગર શહેરના માનસરોવર સોસાયટી અને નારી ચોકડી નજીક આવેલા બંધ મકાનોમાં તાળા તોડી સોના-ચાંદીના દાગીના અને રોકડની ચોરી કર્યાની કબૂલાત કરી હતી.

## દાહોદ કલેક્ટર કચેરીમાં કુટિર જ્યોતિ યોજના અંતર્ગત વિડિઓ કોન્ફરન્સ યોજાઇ



(પ્રતિનિધિ) દાહોદ, તા.8
દાહોદ કલેક્ટર કચેરી ખાતે કલેક્ટર સુરભી ગૌતમની અધ્યક્ષતા હેઠળ કુટિર જ્યોતિ યોજના અંતર્ગત વિડિઓ કોન્ફરન્સ યોજવામાં આવી આ અન્વયે કલેકટરએ કુટિર યોજના હેઠળ દાહોદ જિલ્લામાં થયેલ કામગીરી વિશે સમીક્ષા કરી હતી. જેમાં કુટિર જ્યોતિ યોજનાના લાભ માટે આવેલ અરજીઓ, યોજના અંગેની બાકી કામગીરી, એમ.જી. વી.સી.એલ. કરવાની થતી કામગીરી, સર્વે ની કામગીરી વિશે સમીક્ષા કરવામાં આવી હતી. ડોક્યુમેન્ટેશનની કામગીરી તેમજ કલેક્ટરએ અમલીકરણ સૌ અધિકારીઓને આ યોજના અંગેની કામગીરી સમયસર પૂર્ણ કરવા માટેની સૂચના સહિત માર્ગદર્શન આપ્યું હતું.આ દરમ્યાન પ્રાયોજના વહીવટદાર પ્રતિકૂજૈન, નિવાસી અધિક કલેક્ટર જે.એમ.રાવલ સહિત ઈટ. એન્જીનિયર એમ. જી. વી. સી. એલ. તેમજ વર્ચ્યુઅલ માધ્યમ થકી પ્રાંત અધિકારીઓ, મામલતદારઓ, ડેપ્યુટી એન્જીનિયર તેમજ સંબંધિત અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત મિત્રના અહેવાલ બાદ પાલિકા દોડતી થઈ

## કાલોલમાં સરકારી કચેરીઓ સામેનો કચરો હટાવી દેવાયો

(પ્રતિનિધિ) કાલોલ, તા.2
ગતરોજ પ્રકાશિત થયેલા અહેવાલની તાત્કાલિક અસર જોવા મળી છે. કાલોલ પોલીસ સ્ટેશન અને મામલતદાર કચેરીની બિલકુલ સામે છેલ્લા ઘણા સમયથી જામેલા ગંદકીના ઢગને આખરે પાલિકા તંત્ર દ્વારા સાફ કરવામાં આવ્યું છે.ગત રોજના સ્થાનિક પ્રત્રોના અહેવાલમાં જણાવાયું હતું કે આ જગ્યાએ મટન અને ચિકનની દુકાન ધરાવતા કેટલાક બેજવાબદાર તત્વો દ્વારા કતલ કરેલા જાનવરોના અંગો, હાડકા, મરઘીના પીંછા તેમજ માછલીના અવશેષો અને ગંધ મારતો કચરો પ્લાસ્ટિકની થેલીઓમાં ભરીને



જાહેરમાં ફેંકવામાં આવે છે. જ્યાં સૌથી ચોંકાવનારી બાબત એ હતી કે કાયદો-વ્યવસ્થા અને વહીવટની પ્રતિક ગણાતી પોલીસ સ્ટેશન અને મામલતદાર કચેરીથી માત્ર થોડા ડગલાં દૂર આટલી ગંદકી હોવા છતાં કોઈ કાર્યવાહી થતી ન હતી.

પરિણામે રખડતાં કૂતરા અને અન્ય જાનવરો આ કચરાને ઢસડીને મુખ્ય માર્ગ પર ફેલાવી દેતા હતા. જેના કારણે સમગ્ર વિસ્તારમાં તીવ્ર દુર્ગંધ પ્રસરી ગઈ હતી અને રોગચાળો ફેલાવાનું જોખમ વધી ગયું હતું જ્યાં આ અહેવાલ સ્થાનિક પેપરોમાં પ્રકાશિત થયા બાદ તંત્ર દોડતું થયું હતું. આજે બપોરે પાલિકાના કર્મચારીઓ અને સફાઈ કામદારોની ટીમે ઘટનાસ્થળે પહોંચીને ગંદકીના ઢગલા દૂર કરી સંપૂર્ણ સફાઈ કામગીરી હાથ ધરી સમગ્ર વિસ્તારમાં દવાનો છંટકાવ કરવામાં આવ્યું છે.

ચોમાસામાં યાત્રાળુઓની સલામતી માટે નિર્ણય લેવાયો

## પાવાગઢમાં રાત્રી દરમ્યાન 3 મહિના સુધી પગથિયાં માર્ગે અવરજવર પર પ્રતિબંધ

(પ્રતિનિધિ) હાલોલ, તા.8
ચોમાસાની ઋતુ દરમિયાન પાવાગઢ ડુંગર પર વરસાદને કારણે ભેખડ અને પથ્થરો પડવાના જોખમને ધ્યાનમાં રાખીને પંચમહાલ જિલ્લા તંત્રએ યાત્રાળુઓની સુરક્ષા માટે મહત્વનો જાહેર હુકમ જાહેર કર્યો છે. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-2023ની કલમ-163 હેઠળ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ જે. જે. પટેલ (જી.એ.એસ.) દ્વારા બહાર પાડવામાં આવેલા આદેશ મુજબ તા. 7 જુલાઈ, 2026થી તા. 6 સપ્ટેમ્બર, 2026 સુધી એટલે કે ત્રણ મહિના સુધી દરરોજ રાત્રે 10:00 વાગ્યાથી બીજા દિવસની સવારે 4:00 વાગ્યા સુધી માંચીથી મહાકાળી માતાના મંદિર સુધીના પગથિયાં માર્ગે યાત્રાળુઓની અવરજવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જાહેર હુકમમાં જણાવ્યા મુજબ પાવાગઢ મહાકાળી માતાના મંદિરે દરરોજ મોટી સંખ્યામાં ભાવિકો પગથિયાં તથા રોપ-વે મારફતે દર્શન માટે પહોંચે છે. તાજેતરમાં ભારે વરસાદ દરમિયાન ડુંગર પરથી ભેખડ તૂટી પડવાની ઘટનામાં પદયાત્રીઓને જાનહાનિ અને ઈજા પહોંચી હતી. રાત્રિના સમયે યાત્રાળુઓની ઓછી અવરજવર, પ્રકાશની અપૂરતી વ્યવસ્થા, મોબાઈલ નેટવર્ક અને પબ્લિક એનાઉન્સમેન્ટ જેવી સુવિધાઓના અભાવને કારણે તાત્કાલિક રાહત અને બચાવ કામગીરીમાં મુશ્કેલીઓ ઊભી થઈ હોવાનું તંત્રના ધ્યાન પર આવ્યું હતું.

## શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી તરફથી પીએચ.ડી.ની પદવી અનોયત કરાઈ



(પ્રતિનિધિ) દાહોદ, તા.2
દાહોદ અનાજ મહાજન સા.એજયુ. સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજના પ્રોફેસર ડૉ. કલ્પેશભાઈ જે. મહેતા ના માર્ગદર્શન હેઠળ તેમની વિદ્યાર્થીની ઐશ્વર્યા ક્ષત્રિયએ ૩૦ જૂન, ૨૦૨૬ના રોજ બોટની (વનસ્પતિશાસ્ત્ર) વિષયમાં સંશોધન કાર્ય પૂર્ણ કરી શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી તરફથી પીએચ.ડી.ની પદવી મેળવી છે.

સંજેલીના કુંડા ગામે દાહોદ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપનુ સફળ ઓપરેશન

## SOGએ દેશી હાથ બનાવટના તમંચા સાથે એક ઈસમને ઝડપી પાડ્યો

(પ્રતિનિધિ) દાહોદ, તા.2
દાહોદ એસ ઓ જી શાખાના પોલીસ ઈન્સ્પેક્ટર એસ જે રાણાના માર્ગદર્શન હેઠળ પોલીસ સબ ઈન્સ્પેક્ટર એસ યુ જોષી પોતાના સ્ટાફના પોલીસ કર્મચારીઓને સાથે લઈ દાહોદ જિલ્લાના સંજેલી પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન એસ ઓ જી શાખાના પોલીસ કોન્સ્ટેબલ રાજેન્દ્ર ભાઈ મનસુખભાઈને બાતમી મળી હતી કે, સંજેલી પોલીસ સ્ટેશન વિસ્તારના કુંડા ગામે આવેલ ત્રણ રસ્તા ચોકડી ઉપર સાગડાપાડા ગામનો પરેશભાઈ સુરસિંગભાઈ વળવાઈ પોલીસની ઉપરોક્ત



ટીમ બાતમી વાળી જગ્યાએ જઈ વ્યુહાત્મક રીતે રેઈડ કરી ઉપરોક્ત આરોપી પરેશભાઈ વળવાઈ ઉ.વ.૨૨ રહે. સાગડાપાડા, ખૂટા ફળિયા તા. સુખસર જી. દાહોદ ને પકડી પાડી તેની સાવધાની પૂર્વક અંગ ઝડતી લઈ તેના કમરના ભાગે પેન્ટના નેફામાં ખોસેલ રૂપિયા ૫૦૦૦/-ની કિંમતનો દેશી હાથ બનાવટમાં તમંચો મળી આવતા પોલીસે તે કબજે લઈ પકડાયેલ જેણે શરીરે ગામના ખૂટા ફળિયાના પરેશભાઈ કાળા કલરનું શર્ટ તથા કાળા સુરસીંગભાઈ વળવાઈ વિરુદ્ધ સંજેલી કલરનું પેન્ટ પહેરેલ છે. જેની પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પાસે ગેરકાયદેસર દેશી હાથ સંજેલી પોલીસે આ મામલે આર્મ્સ એક્ટ બનાવટના તમંચા જેવું કલમ ૨૫(૧-બી)એ મુજબ ગુનો નોંધી હથિયાર છે. આ સચોટ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસે બે સામે ગુનો દાખલ કર્યો

## કાલોલના બરોલા ગામે યુવક પર લાકડા વડે જીવલેણ હુમલો

(પ્રતિનિધિ) કાલોલ, તા.8
કાલોલ તાલુકાના બરોલા ગામના બાકરોલ રોડ પર રહેતા અને હાલોલ GIDC ની કંપનીમાં ખાનગી નોકરી કરતા પ્રવિણભાઈ કાળુભાઈ પરમારે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમનો ૨૦ વર્ષનો ભાણેજ યોગેશભાઈ કનુભાઈ વણકર તેમની સાથે જ રહે છે. સાંજના આશરે સાડા સાત વાગ્યાના સુમારે, ગામની પ્રાથમિક શાળા ઉપર ગામના જ કેટલાક યુવકો બેઠા હતા અને વાતો કરી રહ્યા હતા. તે દરમિયાન ગામના દ્રવિડભાઈ ઉર્ફે દેવો રમણભાઈ પરમારે અચાનક યોગેશભાઈને ગાળો આપવાનું શરૂ કર્યું હતું. આ દરમિયાન ત્યાં હાજર મુકેશભાઈ રમેશભાઈ પરમાર એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને નજીકમાંથી લાકડું લઈને દોડી આવ્યા હતા. તેમણે યોગેશભાઈના માથાના ભાગે લાકડાનો ફટકો મારી દીધો હતો, જેના કારણે યોગેશ લોહીલુહાણ થઈને નીચે ઢળી પડ્યો હતો.યોગેશ નીચે પડી ગયા બાદ પણ બંને આરોપીઓ (દ્રવિડભાઈ અને મુકેશભાઈ) એ તેને ગડદાપાટુનો માર માર્યો હતો. લોહીલુહાણ હાલતમાં યોગેશને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે કાલોલ સરકારી દવાખાને સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો. આ મામલે કાલોલ પોલીસે ફરિયાદી પ્રવિણભાઈ પરમારની ફરિયાદના આધારે આરોપીઓ વિરુદ્ધ વિવિધ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ આસીસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર (ASI) નિરવકુમાર ગોપાળભાઈ ચૌહાણને સોંપી છે.

લોકોમાં તંત્રની કામગીરી સામે ભારે રોષ જોવા મળ્યો હતો

## દાહોદમાં વહેલી સવારે ખાબકેલા ૫૬ મીમી વરસાદમાં જ ઠેરઠેર પાણી ભરાયા : લોકો પરેશાન

સામન્ય વરસાદે જ પાલિકાની પ્રિ-મોન્સુન કામગીરીના ધજાગરા ઉડ્યા

(પ્રતિનિધિ) દાહોદ, તા.8
દાહોદ જિલ્લામાં ગઈકાલે બપોર બાદ મેઘરાજા મન મૂકીને વરસ્યા હતાં. ગઈકાલે સવારથી જ જિલ્લાના આકાશમાં વાદળછાયુ વાતાવરણ હતું અને ભારે બફારા બાદ બપોરના સમય વાતાવરણમાં એકાએક પલટો આવ્યો હતો. દાહોદ શહેર સહિત આસપાસના વિસ્તારો માં ગાજવીજ સાથે મેઘરાજાની પધરામણી થઈ હતી. ખાસ કરીને દાહોદ શહેરમાં માત્ર એક ક્લાકમાં જ એક ઇંચ



જેટલો વરસાદ ખાબકાતા સમગ્ર વિસ્તારમાં પાણી પાણી થઈ ગયું હતું. શહેરના સ્ટેશન રોડ, બજાર તેમજ નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ ગયાહતા. જેના કારણે વાહન ચાલકો અને રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો. આકાશી આફત વચ્ચે તંત્રની પ્રિમોન્સકામગીરીની પોલ પણ ખુલી ગઈ હતી. કરોડો રૂપિયાના ખર્ચે સ્માર્ટ સિટી બનાવવાનું દાવો કરતું તંત્ર સીઝનના પ્રથમ વરસાદમાં જ નિષ્ફળ સાબિત થયું હોય તેમ રોડ પર પાણી ભરાઈ ગયા હતા. વર્ષો જૂની આ સમસ્યાનો ઉકેલ લાવવામાં નગરપાલિકાનું તંત્ર વામણું સાબિત થયું છે. મુખ્ય માર્ગો પર ભરાયેલા પાણીના નિકાલની વ્યવસ્થાના અભાવે વારંવાર ટ્રાફિક જામની સમસ્યા સર્જાઈ હતી. અને લોકોમાં તંત્રની કામગીરી સામે ભારે રોષ જોવા મળ્યો હતો. જિલ્લામાં બપોરે બે વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધી નોંધાયેલા વરસાદના આંકડા જોઈએ તો દાહોદ તાલુકામાં ૪૯ મીમી વરસાદ સાથે મેઘરાજા મહેરબાન રહ્યા હતા. આ ઉપરાંત ગરબાડામાં ૧૩ મીમી, ફતેપુરા અને લીમખેડામાં ૧૦-૧૦ મીમી, સંજેલી અને ગોવિંદ ગુરુ લીમડીમાં ૯-૯ મીમી, વરસાદ નોંધાયો હતો.

## દાહોદ ઘટક ૨ ના આંગણવાડી કાર્યકર બહેનોની બેઠક યોજાઈ



(પ્રતિનિધિ) દાહોદ, તા.8
જિલ્લા પ્રોગ્રામ ઓફિસર ડો સુધીર જોષીના અધ્યક્ષ સ્થાને તાલુકા પંચાયત દાહોદ ખાતે દાહોદ ઘટક ૨ ના આંગણવાડી કાર્યકર બહેનોની બેઠક યોજાઈ હતી. આ બેઠક દરમિયાન જિલ્લા વિકાસ અધિકારી સિસ્મિત લોઢાની સૂચના મુજબ દાહોદ જિલ્લાના છેવાડાના લોકો સુધી મહિલા અને બાળ વિકાસની વિવિધ યોજના અને આંગણવાડીની કેન્દ્રો પર ગુજરાત સરકારની ચાલતી વિવિધ યોજનાનો લાભલેવા ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો.

## સુખસરના રાવળના વરુણા ખાતે અકસ્માતમાં મોટા નટવાના ૨૬ વર્ષીય યુવાનનું મોત

મોટરસાયકલ ચાલકે સામેથી આવતી તુફાની જીપને જોઈ પોતાના કબજાની ગાડી ઉપરથી કાબુ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો

( પ્રતિનિધિ ) સુખસર,તા.8
સુખસર તાલુકાના મોટાનટવા ગામના કેસર ફળિયામાં રહેતા જૈમીનભાઈ જયંતીભાઈ ચરપોટ (ઉંમર વર્ષ.26) નાઓ કોઈ કામ અર્થે મંગળવારના રોજ સુખસર આવેલ હતા.અને સાંજના સાડા પાંચેક વાગ્યાના અરસામાં પોતાના કબજાની મોટરસાયકલ નંબર જીજે-17-બીએલ.6790 ઉપર પરત ઘરે જઈ રહ્યા હતા.જ્યારે રસ્તામાં સુખસરથી મોટાનટવા ઘરે જવા ગાડીની રાહ જોઈ ઉભેલા દશરથભાઈ ઉર્ફે જશવંતભાઈ વીરજીભાઈ ચરપોટ નાએ જૈમીનભાઈની મોટરસાયકલ ઉભી રખાવી મોટરસાયકલ ઉપર બેસી બે ભાઈઓ ઘરે જઈ રહ્યા હતા.તેવા સમયે રાવળના વરુણા પ્રાથમિક શાળા પાસે જતા સામેથી આવતી તુફાન જીપને જોઈ મોટરસાયકલ ચાલક જૈમીન ભાઈએ પોતાના કબજાની મોટરસાયકલ ઉપરથી કાબુ ગુમાવતા મોટરસાયકલ રોંગ સાઈડમાં ખાડામાં પથ્થર સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો.અને જેમાં જૈમીનભાઈ ચરપોટને માથામાં, છાતીમાં તથા શરીરે નાની મોટી ઈજાઓ પહોંચી હતી. જ્યારે દશરથભાઈ ચરપોટને સામાન્ય ઈજાઓ થઈ હતી. જેથી રસ્તે જતા કોઈ વ્યક્તિએ 108 એમ્બ્યુલન્સને ફોન કરતા તાત્કાલિક એમ્બ્યુલન્સ અકસ્માત સ્થળે આવી પહોંચી હતી. અને આ બંને ઈજાગ્રસ્તોને સુખસર સરકારી દવાખાનામાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં જૈમીનભાઈ ને ગંભીર ઈજાઓ હોય તાત્કાલિક સંતરામપુર ખાનગી હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા હતા.જ્યાં ફરજ ઉપરના ડોક્ટરે જૈમીનભાઈ ચરપોટનું મોત નીપજેલ હોવાનું જાહેર કર્યું હતું.જ્યારે દશરથભાઈ ચરપોટને સામાન્ય ઈજાઓ હોય સુખસર સરકારી દવાખાનામાં સારવાર બાદ રજા આપવામાં આવી હતી. ઉપરોક્ત અકસ્માત સંદર્ભે દશરથભાઈ ઉર્ફે જશવંતભાઈ વીરજીભાઈ ચરપોટના ઓએ સુખસર પોલીસમાં ફરિયાદ આપતા મોટર સાયકલ ચાલક મૃતક જૈમીન ભાઈ ચરપોટની વિરુદ્ધમાં અકસ્માત મોત અન્વયે ગુનો દાખલ કરી લાશના સુખસર સરકારી દવાખાનામાં પી.એમ બાદ લાશનો કબજો તેમના વાલી વારસોને સોંપી તપાસ હાથ ધરી છે.